**ક્રમાંક-૩**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**શુક્રવાર, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬,૭, ૯,૧૦ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ-૮, ૧૧ અને ૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૪થી ૧૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**ટેબ્લેટથી ફોટોગ્રાફ અને રેકોર્ડિંગ કરવા બાબત**

માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારે નેવા પ્રોજેક્ટ અંતર્ગત આપવામાં આવેલ ટેબ્લેટમાંથી ફોટોગ્રાફ અને રેકોર્ડિંગ કરી શકાય કે કેમ? તે અંગેનું માનનીય અધ્યક્ષશ્રી પાસે માર્ગદર્શન માગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પૂર્વ અધ્યક્ષશ્રી રાઘવજીભાઇ લેઉવાએ આપેલ નિર્ણયનો ઉલ્લેખ કરી જણાવ્યું કે આપણે અગાઉની પરંપરાને જાળવી રાખીને અધ્યક્ષશ્રીની પરવાનગી વગર ટેબ્લેટ કે ફોનથી કોઇપણ પ્રકારના ફોટાગ્રાફ કે રેકોર્ડિંગ કરી શકાશે નહિ, માત્ર ધારાસભ્યશ્રીઓ નહિ, પણ પ્રેક્ષકો, પત્રકાર મિત્રો કે અધિકારીઓ પણ ફોટોગ્રાફ કે રેકોર્ડિંગ કરી શકતા નથી તેમ જણાવ્યું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે**

માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ વિધાનસભાના નિયમો અને વારંવારના અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો પ્રમાણે વિધાનસભા ગૃહમાં સભ્યશ્રીઓ દ્વારા પ્રવચન વાંચી શકાતું નથી, માત્ર મુદ્દાઓ વાંચી શકાય છે અને આ રીતે અગાઉના માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણયનું અવમાન થાય છે અને આપણી મૌલિક પરંપરાઓમાં બાધ આવે છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિધાનસભાના નિયમો અને આપણી પ્રણાલિકાને વળગી રહીને માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ ટેબ્લેટની અંદરના ફકત મુદ્દાઓનું વાંચન કરી શકે, પરંતુ આખેઆખું ભાષણ વાંચી ન શકાય.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળ**

**નીચેના કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતના સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલાએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

**૬. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલાનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતના સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**૭. માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦)**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ દેશના

યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિ, સતત પ્રેરણા અને નેતૃત્વના પરિણામ સ્વરૂપ અને ભારતના અવકાશ સંશોધન કેન્દ્ર (ISRO) ના વૈજ્ઞાનિકોના અથાગ પ્રયાસોથી સૌ પ્રથમવાર ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આ સભાગૃહ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તેમજ ઇસરોના વૈજ્ઞાનિકો તથા અન્ય તમામ ટેકનિકલ તજજ્ઞોને હાર્દિક અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી
(૨) શ્રી રમેશભાઇ ટીલાળા
(૩) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૪) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૪) શ્રી મહેશ કસવાલા
(૬) શ્રી ચૈતન્ય દેસાઇ
(૭) ડો.હસમુખ પટેલ

**૮. સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે.**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીના સંકલ્પ પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડો.સી.જે.ચાવડાએ સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર વિરામનો સમય લંબાવ્યો. ( બપોરના ૨-૧૮)

**૯. માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી ઉમેશ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**( વિરામ બપોરના ૨-૪૦થી ૩-૧૫ )**

**૧૦. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસના કામકાજની યાદી પરનું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના- ૪-૫૦)

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી કુંવરજીભાઇ બાવળીયા(મંત્રીશ્રી)
(૩) શ્રી જગદીશ વિશ્વકર્મા(રા.ક.ના મંત્રીશ્રી)
(૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૫) શ્રી જિજ્ઞેશ મેવાણી
(૬) શ્રી પૂર્ણેશ મોદી
(૭) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૮) ગેનીબેન ઠાકોર
(૯) શ્રી અલ્પેશ ઠાકોર
(૧૦) શ્રી કેશાજી ચૌહાણ
(૧૧) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૧૨) શ્રી ઉદય કાનગડ
(૧૩) શ્રી હેમંતભાઇ આહિર
(૧૪) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૫) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૬) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૭) શ્રી પ્રદ્યુમન વાજા
(૧૮) ડો.સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૧૯) શ્રી લવિંગજી સોલંકી

ચર્ચાનો જવાબ માનનીય શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

**૧૩. સભાત્યાગ**

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ ઓ.બી.સી. કમિશનની ભલામણ અન્વયે વસતિના ધોરણે અનામત આપવા અંગેનો જવાબ માનનીય મંત્રીશ્રી પાસે માગતાં, માનનીય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ બાબતે મેં સંપૂર્ણ જવાબ આપી દીધેલ છે એમ જણાવતા, મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યક્ત કરીને કોંગ્રેસ

પક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા. ત્યારબાદ આમ આદમી પાર્ટીના ગૃહમાં હાજર રહેલા સભ્યશ્રીઓ પણ સભાત્યાગ કરી ગયા.

**૧૪. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. દર્શિતાબેન શાહ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શનિવાર તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રિના ૯-૧૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.